## આત્મીય સમ્રાટ્ પ.પૂ.હરિપ્રસાદ સ્વામીનું અમેરીકામાં થયેલું સ્વાગત

તા.૧૯મી મે, સોમવારના રોજ બપોરના ૨:૩૦ વાગ્યે, ન્યુયોર્કના જે.એફ.કેનેડી એરપોર્ટ પર એમીરાટ્સ એરલાઈન્સમાં આગમન થયું. વરસતા વરસાદમાં અને પવનના સુસવાટાઓની વચ્ચે ન્યુયોર્ક, ન્યુજર્સી, કનેકટીકટ, પેન્સિલવેનીયા વિગેરે જગ્યાએથી ૩૦૦થી વધારે મુકતો પ.પૂ.સ્વામીશ્રીના દર્શન માટે ભેગા થયા હતા. શ્રી કિરીટભાઈ, શ્રી ઘનશ્યામભાઈ ભટ્ટ અને શ્રી સાધકભાઈ પ.પૂ.સ્વામીશ્રીને સત્કારવા માટે પ્લેનના ગેટ સુધી પહોંચી ગયા હતા. એરપોર્ટની ઓથોરીટીના મુખ્ય ઓફિસર પણ એમની સાથે જ હતા.

એરપોર્ટના જ એક વિભાગમાં પ.પૂ.સ્વામીશ્રીને સત્કારવા સૌ મુક્તો ભેગા થયા હતા. પ.પૂ.સ્વામીશ્રીએ ત્યાં પધારી સૌને દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો. પૂ.પ્રેમસ્વરૂપસ્વામી અને સૌ સંતો તેમજ પૂ.મુકેશભાઈ કાશીવાલા, પૂ.ઠાકોરભાઈ, પૂ.શશીઅંકલ, પૂ.લલીતકાકા અને સૌ વડીલોએ પ.પૂ.સ્વામીશ્રીને પુષ્પગુચ્છ અર્પણ કરીને સ્વાગત કર્યું.

તા.૨૪મી મે, શનિવારના રોજ ગાર્ડનસ્ટેટ એકઝીબીટ સેન્ટરમાં સાંજે ૪:૩૦ કલાકે પ.પૂ.સ્વામીશ્રીનો ૭૫મો પ્રાગટ્યદિન આત્મીય અમૃત મહોત્સવના ભાગરૂપે ઊજવાનાર છે. આત્મીયતાનો આ અમૃત મહોત્સવ ઈન્ડિયન કમ્યુનીટીના તમામ લીડર્સ તેમજ સભ્યો ભેગા મળી ઊજવી રહ્યા છે, તો આપ સૌને મિત્રમંડળ તેમજ સપરિવાર પધારવાનું આમંત્રણ પાઠવીયે છીએ.